પ્રસન્નતા પ્રભુની કૃપા અને દૈવી ઔષધ છે, દરેકે તેનું પાન કરવું જ જોઇએ
- ચાણક્ય

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૧૧૬ | ૫ જુલાઇ ૨૦૧૨, ગુરૂવાર, અષાઢ વદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

# વિધાનસભા ચૂંટણી માટે તંત્રની તૈયારીઓ

## દરેક જિલ્લામાં ૧૫ નોડલ ઓફિસરો નિયુક્ત કરવામાં આવ્યા : ઈ.વી.એમ.ની પ્રાથમિક તપાસ પૂરી કરવા તેમજ ડેટા એન્ટ્રી અને સુનાવણીની કામગીરી પણ ઝડપથી પૂર્ણ કરવા તાકીદ

ગાંધીનગર, તા. ૩

ગુજરાત વિધાનસભાની આવી રહેલી ચૂંટણી અંગેની તૈયારીમાં સમગ્ર વહીવટીતંત્ર હવે ધીરે ધીરે સંકળાઈ રહ્યું છે. આ માટે દરેક જિલ્લામાં ૧૫ જેટલા નોડલ ઓફિસરોને નિમણુંકો આપી દેવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લામાં ઉપલબ્ધ ઈ.વી.એમ. ની પ્રાથમિક તપાસ પણ ૩૧ જુલાઈ સુધીમાં સંપન્ન કરી દેવા માટે જણાવાયું છે.

આગામી સપ્તાહના આરંભમાં કેન્દ્રીય ચૂંટણી પંચ પણ ગુજરાતમાં સામાન્ય ચૂંટણીની તૈયારીની સમીક્ષા માટે આવી રહ્યું છે ત્યારે આ પ્રાથમિક તૈયારીઓ કેટલી પૂર્ણ થઈ તે અંગે પણ ચર્ચાઓ થશે.

રાજ્યમાં સામાન્ય ચૂંટણીઓ પૂર્વે શુદ્ધ અને ક્ષતિરહિત મતદારયાદી તૈયાર કરવાની કામગીરીનો પ્રથમ ભાગ સંપન્ન થયા બાદ હવે તંત્ર દ્વારા આ તૈયારીઓની આનુષંગિક કામગીરી પણ હાથ ધરી દેવામાં આવી છે. પંચે આ વખતે સામાન્ય ચૂંટણી માટે કેટલાક મહત્વના સુધારાઓ કર્યા છે જેમાં ખર્ચ અને આચારસંહિતાના મોનીટરીંગ ઉપરાંત એસ.એમ.એસ. થી સમગ્ર પ્રક્રિયા પર નજર રાખવાની બાબતનો પણ સમાવેશ થાય છે.

પંચના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ બદલાતા જતા સમય સાથે પંચે પણ જિલ્લાઓને ચૂંટણીલક્ષી કોમ્પ્યુટરાઈઝેશન કામગીરી પર ભાર મુક્યો છે એટલુ જ નહિ આ માટે ખાસ નોડલ ઓફિસર નિયુક્ત કરવા જણાવ્યું છે. આ ઉપરાંત તાલિમ તેમજ ચૂંટણીલક્ષી મટીરીયલ્સ માટે તેમજ મતદાન મથક સુધી પહોંચવા કર્મચારીઓ અધિકારીઓ માટે ખાસ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા માટે પણ અલગ-અલગ નોડલ ઓફિસરોની નિયુક્તી કરવા માટે તાકીદ કરી છે.

મતદાર જાગૃતિ અભિયાન પંચે હાથ ધર્યુ હોવાથી તે માટે તેમજ ફરિયાદ નિવારણ માટે પણ ખાસ નોડલ ઓફિસર નીમવા માટેની સૂચનાઓ પંચે આપતાં દરેક જિલ્લામાં ઓછામાં ઓછા ૧૫ જેટલા નોડલ ઓફિસરોની નિમણુંકો કરી દેવામાં આવી છે.

પંચે ૩૧ જુલાઈ સુધીમાં ઉપલબ્ધ મતદાન માટેના ઈ.વી.એમ.ની પ્રાથમિક તપાસ પૂર્ણ કરવાની પણ સૂચનાઓ આપી દીધી હોવાથી દરેક વિધાનસભા મતવિસ્તાર દીઠ આ અંગેની કામગીરી હાથ ધરવા માટેની કવાયતો

● અનુસંધાન પાન-૭ પર



મંગળવારે રાત્રે અચાનક વરસાદ વરસી ગયા પછી બુધવારે આકાશમાં વાદળો તો દેખાયાં હતાં, પણ દિવસ આખો વિતી જવા છતાં વરસાદ વરસ્યો નહીં. ચોમાસાની ઋતુના આગમનને કારણે કુદરતી દ્રશ્યોની સુંદરતા ગાંધીનગરમાં વધી ગઈ, પણ આ વખતે વરસાદ માટે ગાંધીનગરે હજુ વધારે રાહ જોવી પડશે એવા સંકેતો પણ જોવા મળી રહ્યા છે. (તસવીર : દિપક જાની)

# જિલ્લાના ચારેય તાલુકામાં વરસાદ

### ચાર સ્થળોએ વિજળી પડતાં પાંચ પશુનાં મોત

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકામાં મોડી રાત્રે વરસાદ થતાં લોકોએ હાશકારો અનુભવ્યો છે. જો કે જિલ્લામાં ચાર સ્થળો પર વિજળી પડતાં પાંચ પશુઓના મોત નિપજયાના અહેવાલોથી પશુપાલકોમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર જિલ્લામાં પવન સાથે વીજળી પડવાથી પાંચ પશુઓના મોત નિપજયાના અહેવાલો છે. મળતી વિગતો પ્રમાણે દહેગામ તાલુકામાં લિહોડા, કનીપુર અને નાગજીના મુવાડા ગામે વીજળી પડવાના બનાવો નોંધાયા છે જયારે ગાંધીનગર તાલુકાના સોનારડા ગામે વીજળી પડવાની ઘટના નોંધાઈ છે.

સોનારડા ગામે વીજળી પડતાં બે ભેંસોના મરણ થયાના અહેવાલો આવ્યા છે. તંત્ર દ્વારા આ અંગે જરૂરી કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

ગઈ કાલે મોડી રાત્રે પવનના સુસવાટાઓ સાથે થયેલા વરસાદથી આજે આખો દિવસ ઉકળાટભર્યો રહેવા પામ્યો હતો. હવામાન ખાતાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ આ સપ્તાહના અંત સુધીમાં જિલ્લામાં સારો અને સાર્વત્રિક વરસાદ થઈ જશે.

ગઈ કાલે થયેલા વરસાદને પગલે ખેડૂતોએ રાહતનો દમ લીધો છે. જો કે હજુ એક બે વરસાદ બાદ તે પુનઃ ખેતીમાં વાવણીનો પ્રારંભ કરશે તેમ મનાઈ રહ્યું છે. પ્રિ.મોન્સુન એકટીવીટીથી થયેલા વરસાદને પગલે વાવણી શરૂ કરી હતી પરંતુ પછી વરસાદ ખેંચાતાં ખેડુત ચિંતાતુર બન્યો હતો.

ખેતી ક્ષેત્રના અગ્રણીઓ સાથેની વાતચીતમાંથી મળેલ વિગતો મુજબ જિલ્લામાં આ સમયગાળા દરમિયાન થતા સરેરાશ વાવેતર કરતાં ૧૦ ટકાથી ૧૫ ટકા જેટલું ઓછું વાવેતર જરૂર થયું છે. જો કે વાવેતર લક્ષ્યાંક અને આયોજન મુજબ થશે તેવો વિશ્વાસ ખેતીવાડી વિભાગના અધિકારીઓ રાખી રહ્યા છે.

ગઈ કાલે થયેલા વરસાદમાં સૌથી વધુ વરસાદ માણસા તાલુકામાં ૩૨ એમ.એમ. ગાંધીનગરમાં ૨૪ એમ.એમ. કલોલમાં પાંચ એમ.એમ. અને દહેગામમાં છ એમ.એમ. જેટલો નોંધાયો છે. જિલ્લામાં સિઝનનો વરસાદ આમતો ૧૫ જુનની આસપાસ થતો હોય છે પણ આ વખતે ચોમાસાનો પ્રારંભ મોડો થયો છે.

ગઈ કાલે ભારે પવન સાથે આવેલા વરસાદને કારણે જિલ્લાના ઘણા બધા ગ્રામ્ય વિસ્તારોમાં વિજળી વેરણ થયાના અહેવાલો પણ મળ્યા છે. મળતી વિગતો પ્રમાણે વાવોલ અને પેથાપુરમાં આખી રાત વિજળી હતી જ નહિ.





મહાત્મા મંદિર ખાતે યુવાનો માટે એમપાવર (ઈલેક્ટ્રોનીક મેનપાવર) પ્રોજેક્ટનો મંગલ પ્રારંભ કરાયો હતો. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના યુવાનોને દુનિયા સાથે તાલ મિલાવવા કોમ્પ્યુટર શિક્ષણ મેળવવા આહ્વાન કર્યું હતું. ખૂબ જ નજીવા દરે રાજ્ય સરકાર યુવાનોને કોમ્પ્યુટર શિક્ષણ આપશે. બદલાતા વિશ્વમાં ટેકનોલોજીનો ઉપયોગ જ્યારે સર્વોપરી બની રહ્યો છે ત્યારે ગુજરાતના યુવાનો ટેકનોલોજી શીખે, સમજે અને અપનાવે એ માટે ગુજરાત સરકાર માત્ર ૫૦ રૂપિયામાં કોમ્પ્યુટરના પ્રાથમિક શિક્ષણની યોજનાનો આજથી આરંભ કર્યો હતો.

# યુવાનો માટે કોમ્પ્યુટર સાક્ષરતા અભિયાનનો પ્રારંભ

## એક લાખથી વધુ ઓનલાઈન રજીસ્ટ્રેશન : રાજ્યની ૬૨૦ સંસ્થાઓમાં ૧૪ વર્ષથી વધુ વયના ધો.૫ પાસ કોઈપણ વ્યક્તિ ૫૦ રૂપિયામાં કોમ્પ્યુટરનો બેઝીક કોર્ષ કરી શકશે

ગાંધીનગર, તા.૪

મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજથી સમગ્ર ગુજરાતમાં યુવા પેઢી માટેના ફૂષ્લ્ષ્ષ્ષ- કોમ્પ્યુટર સાક્ષરતાની તાલીમના અભિયાનનો શાનદાર પ્રારંભ કરાવતાં જાહેર કર્યું હતું કે, ગુજરાતમાં કોઈપણ યુવાન કે યુવતિ કોમ્પ્યુટરના જ્ઞાન અને હુન્નર કૌશલ્ય વગર અભણ રહી જાય તે આ સરકારને મંજૂર નથી. હુન્નર વગર સફળતા શકય નથી અને કોમ્પ્યુટર જ્ઞાનથી મૂલ્યવર્ધન થવાનું છે.

ટેકનોલોજીએ માનવજીવનમાં સંપૂર્ણ પરિવર્તન લાવી દીધું છે અને પછાતપણાના ગ્રહણમાંથી મુકત થવા ટેકનોલોજીનું જ્ઞાન અનિવાર્ય જ છે, સમાજજીવનનું અંગ બની રહી છે, તેમ તેમણે જણાવ્યું હતું.

● અનુસંધાન પાન-૭ પર

## કેશુભાઈ પટેલનાં સંમેલનો ૧૦મી જુલાઈથી શરૂ થશે

ગાંધીનગર, તા.૪

ગુજરાતમાં પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલના સંમેલનોનો દોર શરૂ થઈ રહ્યો છે જેના અનુસંધાને પહેલું સંમેલન ૧૦મી જુલાઈ ભાવનગરમાં મળશે.

ભાજપ સાથે છેડો ફાડવાની ઘટના ૨૪મી જુલાઈએ તેમના જન્મદિને બનશે પરંતુ તે પહેલાં તેઓ રાજ્યભરમાં ક્ષેત્રિય અને જિલ્લા સંમેલનોને સંબોધન કરશે.

કેશુભાઈનું બીજું સંમેલન ૧૫મીએ જૂનાગઢમાં યોજાશે, ત્યારબાદ ૧૮મીએ રાજકોટ, ૨૦મીએ જામનગર, ૨૨મીએ વડોદરા અને ૨૪મીએ સુરતમાં મળશે. સુરતમાં તેઓ ભાજપ છોડવાની ઘોષણા કરે તેમ મનાય છે.

હજી તારીખ જાહેર થઈ નથી પરંતુ કેશુભાઈ રાજ્યકક્ષાના બે વિશાળ સંમેલનોને પણ સંબોધન કરવાના છે જે ત્રીજા મોરચાનું શક્તિ પ્રદર્શન હશે.

૨૪મીએ પાર્ટી છોડવાની જાહેરાત કરે તેવી શક્યતા

## આજે પ્રણવ મુખરજી અને આવતીકાલે પી.એ. સંગમા ગુજરાતના પ્રવાસે

(વિશેષ પ્રતિનિધિ) ગાંધીનગર, તા.૪

ભારતના રાષ્ટ્રપતિની ચૂંટણીના બે મુખ્ય ઉમેદવારોની નજર હાલ ગુજરાત ઉપર મંડરાયેલી છે. આવતીકાલે પ્રવણ મુકરજી અમદાવાદમાં



આવી રહ્યાં છે અને પી.એ.સંગમા ૬ઠ્ઠી જુલાઈએ ગુજરાત આવશે.

કોંગ્રેસ અને યુપીએના સત્તાવાર ઉમેદવાર પ્રવણ મુકરજી કોંગ્રેસના ધારાસભ્યો, સંસદસભ્યો તેમજ પ્રદેશ આગેવાનો સાથે બેઠક કરી ચૂંટણી અંગે માર્ગદર્શન આપશે. તેઓ ગુજરાત કોંગ્રેસના મતો મળે તે માટે અપીલ કરવાના છે.

હવે એનડીએના ઉમેદવાર પી.એ.સંગમા પણ ગુજરાત આવી રહ્યાં છે. ગુજરાતમાં રાષ્ટ્રપતિના ઉમેદવાર આવી રહ્યાં હોવાની ઘટના પહેલી નથી. જ્ઞાની જૈલસિંઘ પણ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. પ્રણવ મુકરજી વિધાનસભા સંકુલમાં જવાના નથી પણ પી.એ.સંગમા વિધાનસભા સંકુલમાં આવી રહ્યાં છે. પ્રણવ મુકરજી કોંગ્રેસના મધ્યસ્થ કાર્યાલય અમદાવાદમાં સંબોધન કરવાના છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર તાલુકા પંચાયતની કારોબારી સમિતિનું પુનઃગઠન કરાયું

## ચાર નવા ચહેરાઓ સમાવાયા : પૂર્વ પ્રમુખ ધુળાજી ઠાકોર, વિક્રમસિંહ ગોલ, મહોબ્બતજી ઠાકોર અને હંસાબેનના સ્થાને ચાર મહિલાઓને સભ્ય બનાવાયા

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકા પંચાયતની આજે મળેલ ખાસ સામાન્ય સભામાં કારોબારી સમિતિની રચના સર્વાનુમતે કરવામાં આવી હતી. કારોબારી સમિતિ જાળવી રાખવામાં કોંગ્રેસ પક્ષ સફળ રહ્યો છે.

તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી પોપટભાઈ પટેલના અધ્યક્ષપદે મળેલ આજની બેઠકમાં ભાજપે આ સમિતિ માટે કોઈ દરખાસ્ત રજુ ન કરી હોવાથી કોંગ્રેસ પક્ષની દરખાસ્તનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

આજે રચાયેલ નવી કારોબારી સમિતિમાં કોંગ્રેસ પક્ષે ચાર નવા સભ્યોને તક આપી છે. જ્યારે કારોબારી સમિતિના ચેરમેન શ્રી વિક્રમસિંહ ગોલ, ઉપપ્રમુખ મહોબ્બતજી ઠાકોર, પૂર્વ પ્રમુખ શ્રી ધુળાજી ઠાકોર અને હંસાબેનના સ્થાને ચાર મહિલા સભ્યોને તક આપવામાં આવી છે.

તાલુકા પંચાયતની મુદત જાન્યુઆરી ૨૦૧૩માં પૂર્ણ થઈ રહી છે. જો કે હવે તાલુકા પંચાયતની કારોબારી સમિતિના ચેરમેનપદને લઈ સભ્યોમાં લોબીંગ શરૂ થયું છે.

કોંગ્રેસ પક્ષના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે કાળુસિંહ તથા જગદીશ પટેલના નામો હાલ ચર્ચામાં મોખરે છે. આ સપ્તાહના અંતે કારોબારી સમિતિ જે નવી રચવામાં આવી છે તેની બેઠક મળશે અને તેમાં નવા ચેરમેનની નિયુક્તી હાલ ધરાશે.

આજે રચાયેલ નવી કોરાબારી સમિતિમાં મંજુલાબેન ભોઈ, સજ્જનબેન પરમાર, શારદાબેન ઠાકોર, મંગુબેન પટેલ, કાળુસિંહ ડાભી, પ્રધાનજી ઠાકોર, કરશનજી જાદવ, જગદીશ પટેલ અને બળદેવ પટેલનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ સમિતિના સૂત્રોમાંથી સમગ્ર તાલુકાના હિતને ધ્યાને રાખી આ રચના કરવામાં આવી છે. તાલુકાનો સર્વગ્રાહી વિકાસ એ જ પક્ષનું લક્ષ્ય છે.

